પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૧૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૯-૦૧-૨૦૨૧ શનિવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 118 PRICE :-RS. 1.50 DATE : 09-01-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા, જેમાં લખ્યું હતું મરીશું કે જીતીશું

## તારીખ પે તારીખ: સરકાર-ખેડૂતો વચ્ચેની ૯મી બેઠક અનિર્ણિત

ન્યુ દિલ્હી,

સરકારની સાથે ખેડૂતોની ૯માં તબક્કાની વાતચીત પણ પરિણામ વગર જ પૂર્ણ થઈ છે. ખેડૂતોએ કડક અંદાજમાં સરકારને કહ્યું કે તેમે ઉકેલ લાવવા જ નથી માગતા. જો એવું છે તો અમને લખીને જણાવી દો, અમે જતા રહિશું. આ બેઠકમાં ખેડૂતો પોસ્ટર લગાવીને બેઠા હતા. જેના પર લખ્યું હતું- મરીશું કે જીતીશું. ખેડૂતો અને સરકાર વચ્ચે આગામી બેઠક ૧૫ જાન્યુઆરીએ મળશે.



ખેડૂત નેતા બલવીર રાજેવાલે મંત્રીઓને કહ્યું, "તમે જિદ પર છો. તમે તમારા સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરીને લગાવી દેશો. અધિકારીઓ કોઈને કોઈ લોજિક આપતા રહેશો. અમારી પાસે પણ લિસ્ટ છે. બાદમાં નિર્ણય તમારો જ છે. કેમકે તમે સરકાર છો. જેમની પાસે તાકાત છે, તેની વાત વધુ હોય છે. આટલાં દિવસોમાં વારંવાર કેટકેટલી ચર્ચા થઈ રહિ છે. એવું લાગે છે કે આ વાતના ઉકેલ લાવવાનું તમારું મન જ નથી. તો સમય શું કામ બગાડી રહ્યાં છો. તમે સ્પષ્ટ શબ્દોમાં લખીને આપી દો, તો અમે જતા રહિશું. ખેડૂતે સરકાર પર આક્ષેપ કર્યો છે કે સરકાર નથી ઈચ્છતી કે આ મુદ્દાનું કોઈ સામાધાન આવે. ખેડૂતોના જણાવ્યા પ્રમાણે, જ્યાં સુધી કાયદો પાછો નહીં લેવાય ત્યાં સુધી અમે અહીંથી હટીશું નહીં.આ વખતે પણ ખેડૂતોનું સ્ટેન્ડ ક્લીઅર છે. તેમનું કહેવું છે કે ત્રણ ખેડૂત કાયદા રદ કરવામાં આવે અને એમએસપી પર અલગ કાયદો બને. આ પહેલા ગુરુવારે ખેડૂતોએ દિલ્હીને ચારેય બાજુ ટ્રેક્ટર માર્ચ કાઢીને શક્તિ દેખાડી હતી.


આંદોલનના ૪૪માં દિવસે સરકાર અને ખેડૂત વચ્ચે વિજ્ઞાન ભવનમાં વાતચીત ચાલી રહી હતી. કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, રેલવે મંત્રી પીયૂષ ગોયલ અને વાણીજ્ય રાજ્ય મંત્રી સોમ પ્રકાશની સામે ખેડૂતોએ કૃષિ કાયદા રદ કરવાની માગ ફરી કરી હતી, પરંતુ કૃષિ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં તેનો ઈનકાર કરી દિધો હતો. કૃષિ કાયદાને લાગૂ કરવાનો નિર્ણય કેન્દ્ર હવે રાજ્યો સરકાર પર છોડી શકે છે. ડેરા નાનકસરના મુખી બાબા લક્ખા સિંહે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર સાથે ગુરુવારે એક મીડિએટર તરીકે મુલાકાત કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેન્દ્રીય મંત્રીએ બાબ લક્ખા સિંહને જણાવ્યું કે, સરકાર હવે એક પ્રસ્તાવ તૈયાર કરી રહી છે, જેમાં રાજ્ય સરકારને કૃષિ કાયદો લાગૂ કરવા અથવા ન કરવાની છૂટ આપવામાં આવશે.

### ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણની ઉજવણી માટે ગ્રીન સિગ્નલ આપ્યું

## દિવાળીમાં દાઝેલી રૂપાણી સરકારે ઉત્તરાયણમાં ઢીલ ન આપી

અમદાવાદ,

કોરોના કાળમાં તમામ તહેવારોની જેમ ઉત્તરાયણની ઉજવણી અંગે પણ અસમંજસની સ્થિતિ ઊભી થઇ હતી, ત્યારે આજે શુક્રવારે ગુજરાત હાઈકોર્ટે ઉત્તરાયણની ઉજવણી માટે ગ્રીન સિગ્નલ આપ્યું છે. ઉત્તરાયણ પર સંપૂર્ણ પ્રતિબંધની માગ હાઈકોર્ટે નકારી હતી. સાથે જ સરકારે ૧૩ મુદ્દાનો પરિપત્ર કરવાની ખાતરી આપી છે. જેનો કડક અમલ કરવા હાઈકોર્ટે આદેશ આપ્યો છે. રાજ્યમાં કોરોનાના કેસો ઘટી રહ્યાં છે. ત્યારે ઉત્તરાયણની ખરીદી તેમજ પતંગ-દોરાની વેચાણ પર



પ્રતિબંધની માગણી સાથે ગુજરાત હાઈકોર્ટમાં થયેલી જાહેર હિતની અરજીમાં પક્ષકાર તરીકે જોડાવવા માટે ગુજરાતના પતંગ ઉત્પાદકોના એસોએસિએશને હાઈકોર્ટમાં પિટિશન કરી છે. તેમની માગણી છે કે આ ઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો લોકોની જીવાદોરીનો આધાર ઉત્તરાયણના તહેવારની ઉજવણી છે. તેથી હાઈકોર્ટે ઉજવણી કે પતંગ-દોરાના વેચાણ પર પ્રતિબંધ ન ફરમાવવો જોઈએ. આ કેસની આજે વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેને પગલે સરકારે કોર્ટમાં માર્ગદર્શિકા રજૂ કરી હતી.

રાજ્ય સરકારે હાઈકોર્ટમાં રજૂ કરેલી માર્ગદર્શિકા મુજબ, ધાબા, મેદાન કે રસ્તા પર ઉત્તરાયણ મનાવી શકાશે નહીં. પરિવારના સભ્યો સિવાય અન્ય કોઈ વ્યક્તિ હાજર રહી શકશે નહીં. ટેરસ કે અન્ય સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ શકશે નહીં. ફલેટમાં ભીડ ભેગી થઈ તો ચેરમેન જવાબદાર ગણાશે. ૧૧, ૧૨, ૧૩ અને ૧૪ જાન્યુઆરીના રોજ રાત્રિ કર્ફ્યુનો કડકાઈથી અમલ

(અનુ.પાના.નં.૨)

## ધો.૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરાતા પહેલા સ્કૂલોનુ અને શિક્ષકોનું રજિસ્ટ્રેશન ફરજીયાત

ગાંધીનગર,

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા સ્કૂલ અને ટીચર્સ રજિસ્ટ્રેશન માટે પરિપત્ર કરવામાં આવ્યો છે. જે મુજબ ચાલુ વર્ષે નવી શરૂ થયેલી અને જુની સ્કૂલોનું રજિસ્ટ્રેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. બોર્ડ ૧૫મી બાદ પરીક્ષા ફોર્મ ભરાવવાનું શરૂ થનાર છે ત્યારે સ્કૂલોએ સ્કૂલ અને ટીચર્સ રજિસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. આજે સ્કૂલોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થયુ છે. જ્યારે ૧૧મીથી તમામ સ્કૂલોના શિક્ષકોનું રજિસ્ટ્રેશન શરૂ થશે.સ્કૂલો બોર્ડ પરીક્ષા બાદ ઉત્તરવહી મુલ્યાંકનમાં શિક્ષકોને મોકલતી ન હોઈ અને ઓછા અનુભવ વાળા શિક્ષકો મોકલતી હોવાથી બોર્ડ દ્વારા ઓનલાઈન ટીચર રજિસ્ટ્રેશન ફરજીયાત કરવામા આવ્યુ છે.

સ્કૂલ રજિસ્ટ્રેશનમાં આ વર્ષે શરૂ થયેલી નવી સ્કૂલે નવુ રજિસ્ટ્રેશન કરી તમામ વિગતો ભરવાની રહેશે અને જુની સ્કૂલે ગત વર્ષે કરેલા રજિસ્ટ્રેશનમાં ધો.૧૦-૧૨ના વર્ગો વધ્યા હોય કે ઘટયા હોય તેની વિગતો નોંધવાની અને માહિતી સુધારવાની રહેશે. ચાલુ વર્ષના તેમાં ધોરણના ચાલુ વર્ગોની માધ્યમવાર અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ અચુક ભરવાની રહેશે.

ટીચર રજિસ્ટ્રેશનમાં નવા નિમણૂંક થયેલા શિક્ષકો ઉમેરવાના રહેશે અને છુટા થયેલા કે નિવૃત થયેલ શિક્ષકોને ઈનએકટિવ કરવાના રહેશે. શિક્ષકોના હાલ ભણાવતા વિષયો તેમજ અનુભવની વિગતો અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના અનુભવની વિગત તથા કુલ અનુભવની વિગતો ખાસ ચોકસાઈપૂર્વક સુધારવાની પ્રક્રિયા પૂર્ણ કરવા આદેશ કરવામા આવ્યો છે.

## રાજ્યમાં યુથ કોંગ્રેસની બેરોજગાર યાત્રા, પોલીસે કાર્યકરોની અટકાયત કરી

ગાંધીનગર,

રાજ્યમાં બેરોજગારીને લઈને યુથ કોંગ્રેસની બેરોજગાર યાત્રા નીકળી હતી. યુથ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે પણ બેરોજગાર યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ હતું. થરાદના ધારાસભ્ય અને યુથ કોંગ્રેસના સ્ટેટ પ્રેસિડેન્ટ ગુલાબસિંહ રાજપૂતની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ પ્રદર્શન કરતા પોલીસ દ્વારા તમામની અટકાયત કરવામાં આવી હતી.

યુથ કોંગ્રેસની ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં બેરોજગાર યાત્રાને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસના કાર્યકરો ઉમટી પડતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. બેરોજગાર યાત્રાને લઈને મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. પોલીસે પ્રદર્શન કરતા તમામ કાર્યકરોની અટકાયત કરી હતી. આ દરમિયાન કેટલાક કાર્યકરોની પોલીસ દ્વારા ટીંગાટોળી કરવામાં આવી હતી. યુથ કોંગ્રેસના કાર્યકરોએ કહ્યુ કે, ગુજરાતમાં લાખો યુવાનો બેકાર છે છતા આ આંધળી સરકાર યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ નીવડી છે છેલ્લા કેટલાય સમયથી ભરતીઓ કરવામાં નથી આવી.

રાજ્યમાં ઠેર ઠેર અનેક જગ્યાએ યુથ કોંગ્રેસ દ્વારા રોજગાર યાત્રા કાઢવામાં આવી હતી. જામનગર ખાતે યુવક કોંગ્રેસ દ્વારા રોજગાર યાત્રા નિકાળીને યુવાનોને રોજગાર આપવામાં આવે / તાત્કાલિક ભરતીઓની જાહેરાતની માંગ કરવામાં આવી હતી.

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ત્રણ મુખ્ય સહાયક એકમોની ભારત અધ્યક્ષતા કરશે

યુએન,

ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ત્રણ મુખ્ય સહાયક એકમોની અધ્યક્ષતા કરશે. જેમાં તાલિબાન પ્રતિબંધ સમિતિ, આતંકવાદ વિરોધી સમિતિ(૨૦૨૨ માટે) અને લીબિયા પ્રતિબંધ સમિતિ શામેલ છે. આની માહિતી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ તિરુમૂર્તિએ આપી છે. ટીએસ તિરુમૂર્તિએ શુક્રવારે (૮ જાન્યુઆરી)એ કહ્યુ છે




કે જ્યારે લીબિયા અને શાંતિ પ્રક્રિયા પર આંતરરાષ્ટ્રીય ધ્યાન કેન્દ્રીત હશે ત્યારે ભારત એક મહત્વપૂર્ણ વળાંક પર લીબિયા પ્રતિબંધ સમિતિની ખુરશીને સંભાળશે.

ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ, ભારત ૨૦૨૨માં યુએનએસસીની આતંકવાદ વિરોધી સમિતિની પણ અધ્યક્ષતા કરશે. આ સમિતિની અધ્યક્ષતા ભારત માટે એક વિશેષ પ્રતિનિધિત્વ છે. જે સીમાપારના આતંકવાદ સામે લડવામાં સૌથી આગળ છે અને આતંકવાદના સૌથી મોટા પીડિતોમાંનો પણ એક છે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ કે તાલિબાન પ્રતિબંધ સમિતિ હંમેશાથી ભારત માટે પ્રાથમિકતા રહી છે. તેમણે કહ્યુ કે તાલિબાન પ્રતિબંધ સમિતિ હંમેશાથી અફઘાનિસ્તાનના શાંતિ, સુરક્ષા, વિકાસ અને પ્રગતિ માટે આપણા મજબૂત હિત અને પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને ભારત માટે પહેલી પ્રાથમિકતા છે.

ભારત ઓગસ્ટ ૨૦૨૧માં અને પછી ૨૦૨૨માં યુએનએસસીની અધ્યક્ષતા કરશે. યુએનએસસીની અધ્યક્ષતા દરેક સભ્ય દ્વારા એક મહિના માટે કરવામાં આવે છે. ભારત ઉપરાંત કેન્યા, મેક્સિકો, આયરલેન્ડ અને નોર્વે બિન સ્થાયી સભ્ય તરીકે યુએનએસસીમાં શામેલ થયા છે.

આ દરમિયાન ભારતનો તિરંગો ન્યૂયોર્ક સિટીના સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં આ સપ્તાહથી લહેરાવા લાગ્યો છે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યુ હતુ કે આ મારા દેશ માટે અને મારા પ્રતિનિધિમંડળ માટે ગર્વની ક્ષણ છે.

## H-1B વીઝામાં અમેરિકા ફેરફાર કરશે, હજારો ભારતીયોને અસર થશે



વોશિંગ્ટન,

અમેરિકાએ એચ-૧બી વિઝા નિયમો માટેની પ્રક્રિયામાં બદલાવ કરવાની જાહેરાત કરી છે. નવી પ્રક્રિયા અંતર્ગત યુએસમાં કામકાજ માટેના પ્રચલિત એચ-૧બી વિઝા ફાળવણી માટે હાલની લોટરી સિસ્ટમને બદલીને પગાર તેમજ કુશળતા (સેલેરી અને સ્કિલ)ને પ્રાધાન્ય અપાશે. અધિકારીઓના જણાવ્યા મુજબ વિઝા માટેના અંતિમ નિયમ ૮ જાન્યુઆરીના ફેડરલ રજિસ્ટરમાં પ્રકટ થશે. વિઝા પ્રક્રિયામાં ફેરફારનો ઉદેશ અમેરિકામાં શ્રમિકોના આર્થિક હિતોની સુરક્ષા કરવાનો છે. સાથે જ અસ્થાયી રોજગાર કાર્યક્રમથી ઉચ્ચ કુશળતા ધરાવતા વિદેશી કર્મચારીઓ પણ લાભ થાય તે સુનિશ્ચિત કરવાનો હેતુ છે.

એચ-૧બી વિઝા નોન-ઈમગ્રન્ટ વિઝા છે, જે અમેરિકાની કંપનીઓને વિદેશથી આવતા કર્મચારીઓને વિશેષ હોદ્દા પર નિમણુક કરવા માટે મંજૂરી આપે છે. યુએસની આઈટી કંપનીઓ આ વિઝાના આધારે દર વર્ષે ભારત તેમજ ચીનથી હજારોની સંખ્યામાં કર્મચારીઓને રોજગારી પુરી પાડે છે.

યુએસ સિટિઝન એન્ડ ઈમિગ્રેશન સર્વિસે જણાવ્યા મુજબ, એચ-૧બી વિઝા પસંદગી પ્રક્રિયામાં સંશોધનથી નોકરીદાતાઓને ઉચ્ચ વેતન તેમજ ઉચ્ચ પદ માટે જાહેરાત આપવામાં પ્રોત્હાસન મળશે. સાથે જ કંપનીઓને જરૂરિયાત મુજબ કર્મચારીઓને રાખવા તેમજ કંપનીને વૈશ્વિક સ્તરે પ્રતિસ્પર્ધી કાયમ રાખવાનો માર્ગ મોકળો થશે.

ફેડરલ રજિસ્ટરમાં અંતિમ નિયમ પ્રકાશિત થયાના ૬૦ દિવસમાં તે અમલમાં આવશે. એચ-૧બી વિઝા કાર્યક્રમ માટે આગામી ૧લી એપ્રિલથી અરજી કરી શકાશે. યુએસસીઆઈએસના ડેપ્યુટી ડાયરેક્ટર ફોર પોલિસી જોસેફ એડલોએ જણાવ્યું કે, એચ-૧બી વિઝા કાર્યક્રમનો નોકરીદાતાઓ દુરૂપયોગ કરી રહ્યા છે. તેમનો ખર્ચ ઘટાડવા અને પ્રાથમિક સ્તરના પદે નિમણૂ કરવા માટે આનો ઉપયોગ કરવામાં આવે છે.

## પાકિસ્તાને ફતહ-૧ નામની રોકેટ સિસ્ટમનું કર્યુ સફળ પરીક્ષણ

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને દેશમાં જ વિકસિત મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ (એમએલઆરએસ)નું સફળ પરીક્ષણ કર્યુ.

પાકિસ્તાની સેનાના પ્રવક્તાના ટ્વિટર હેન્ડલ ઈન્ટર-સર્વિસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર)થી ટ્વિટ કરવામાં આવ્યું કે, ફતહ-૧ (એમએલઆરએસ)નો સફળતાપૂર્વક ટેસ્ટ કરવામાં આવ્યો છે અને આ નવો હથિયાર સેનાને દુશ્મન વિસ્તારમાં સટીક નિશાનો લગાવવાની ક્ષમતા આપશે.

ફતહ-૧ પારંપરિક યુદ્ધ સામગ્રી લઈ જવામાં સક્ષમ છે, જે ૧૪૦ કિલોમીટર દૂરના પોતાના નિશાનને તોડી પાડી શકે છે.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, જોઈન્ટ ચીફસ ઓફ સ્ટાફ કમિટીના ચેરમેન અને સેના પ્રમુખે આ પરીક્ષણમાં સામેલ બધા જ વૈજ્ઞાનિકો અને જવાનોને શુભેચ્છા પાઠવી હતી.

## બાયોટેકે નાકમાંથી અપાતી કોરોના રસી માટે DCGI પાસે ટ્રાલયની મંજૂરી માંગી

ન્યુ દિલ્હી,

કોરોના વેક્સીનને લઈ ભારતમાં વધુ એક પગલું ભરાયું છે. ભારત બાયોટેકએ દેશમાં નસલ રસીના ટ્રાયલને મંજૂરી આપવા માટે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને પ્રપોઝલ મોકલી દીધું છે.

જો ટ્રાયલમાં નસલ રસીને સફળતા પ્રાપ્ત થાય છે તો દેશમાં કોરોનાની વિરૂદ્ધ જંગમાં મોટી સફળતા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે આ રસીને ખભા પર ઈન્જેકશનથી નહીં પરંતુ નાક દ્વારા અપાય છે. રિસર્ચમાં જાણવા મળ્યું કે આ વધુ અસરકારક હોય છે.

ભારત બાયોટેકે વૉશિંગ્ટન યુનિવર્સિટીની સાથે મળીને નસલ રસી પર રિસર્ચ કર્યું છે અને તેને તૈયાર કરી છે. એવામાં હવે ભારતમાં પહેલાં અને બીજા તબક્કાના ટ્રાયલ માટે મંજૂરી માંગવામાં આવી છે. કંપનીના મતે શરૂઆતમાં તેનું ટ્રાયલ નાગપુર, ભુવનેશ્વર, પૂણે અને હૈદરાબાદ જેવા શહેરોમાં કરાશે. મળતી માહિતી પ્રમાણે આ રસીના ટ્રાયલ માટે ૧૮ થી ૬૫ વર્ષ સુધીના લોકોને વોલેન્ટિયર તરીકે લવાશે જેથી કરીને ટ્રાયલ સફળતાપૂર્વક ચલાવી શકાય.



અત્યાર સુધી બજારમાં જે વેક્સીન આવે છે કે પછી જે વેક્સીનને ભારતમાં મંજૂરી મળી છે તેને ખભા પર ઈંજેકશન દ્વારા અપાય છે. જો કે નસલ વેક્સીનને નાક દ્વારા અપાય છે.

ભારત બાયોટેકની તરફથી પણ દાવો કરાયો હતો કે નસલ રસીને લઈ તેમણે જે રિસર્ચ કર્યું છે તેમાં આ વધુ અસરકારક સાબિત થઈ છે. જો આ બજારમાં સફળતાપૂર્વક આવે છે તો દેશમાં કોરોનાની વિરૂદ્ધ લડાઈમાં ગેમચેન્જર સાબિત થશે.

ઉલ્લેખનીય છે કે ભારતમાં અત્યાર સુધીમાં કુલ બે રસીને ઉપયોગની મંજૂરી મળી ચૂકી છે. પહેલી સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ તો બીજી ભારત બાયોટેકની કોવેક્સીન છે. દેશમાં ટૂંક સમયમાં જ મોટાપાયા પર રસીકરણની શરૂઆત થઈ શકે છે, શુક્રવારના રોજ દેશવ્યાપી ડ્રાઈ રન થઈ રહ્યું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રૂખીબેન રમણભાઈ બારીઆ
(રેતીના સપ્લાયર્સ)
મુ. છાવડ, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગણાવા મીનાબેન રંગીતભાઈ
મુ. કંકુથાંભલા, તા. ગોધરા

# દાહોદમાં રૂ.૧૫૦૦ કરોડના વિકાસના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રી




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતને વિશ્વનું પ્રતિષ્ઠિત રાજ્ય બનાવવાની નેમ વ્યક્ત કરી છે. દાહોદ જિલ્લાના નાગરિકોને રૂ.૧૫૦૦ કરોડથી પણ વધુના વિકાસ કામોની ભેટ આપતા મુખ્યમંત્રી એ જણાવ્યું કે, ભૂતકાળની સરકારોને રાજકીય ઈચ્છાશક્તિ નહોતી. આદિવાસીઓના વિકાસના નામે માત્ર મતો જ મેળવવામાં આવતા હતા. મતો મળી ગયા પછી લોકોને ભૂલી જવામાં આવતા હતા. રાજ્ય સરકારે વિકાસના ફળો છેવાડાના માનવી સુધી પહોંચાડ્યા છે.

ઉક્ત સંદર્ભમાં મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં ૪૨ વર્ષ સુધી સત્તા સંભાળી છતાં પણ લોકોની પ્રાથમિક સુવિધાના કામો કરવામાં આવ્યા નહોતા. પણ, અમે ભાગ્યશાળી છીએ કે લોકસુવિધાના કામો કરવાની તક અમને મળી છે. પહેલા રાજ્ય સરકારનું બજેટ માત્ર સાત–આઠ હજાર જેટલું હતું. તેમાં કોઈ એક વિભાગને કામો કરવા માટે ૭૦૦ કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવતી હતી. પણ, હવે એક માત્ર દાહોદમાં જ અને એક જ દિવસમાં રૂ. ૧૫૦૦ કરોડથી વધુના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે.

રૂપાણીએ ઉમેર્યું કે, અમારી સરકારે લોકોની પ્રાથમિક સુવિધાને ધ્યાને રાખી છે. તેના આધારે પીવાના પાણી, સિંચાઈના પાણી, વીજળી, આરોગ્ય અને શિક્ષણની સવલત થકી વિકાસના ફળ છેવાડાના માનવી સુધી પહોંચાડ્યા છે.

તેમણે એમ પણ જણાવ્યું કે, ભૂતકાળમાં આપણે પાણીની સમસ્યા જોઈ છે. નાગરિકોને ક્ષારયુક્ત, ક્લોરાઈડવાળું પાણી પીવું પડતું હતું. તેના કારણે લોકો રોગોનો ભોગ બનતા હતા. ગૃહિણીઓ હેન્ડ પમ્પ ખેંચીને તૂટી જતી હતી. વળી, દૂરદરાજના ગામોમાં તો પાણીના બે બેડા ભરવા માટે સીમમાં ભટકવું પડતું હતું. હવે, અમારી સરકારે પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે આગળ વધી રહી છે. લોકોના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી મળે એ માટે અમે કટિબદ્ધ છીએ.

ખેડૂતોને સિંચાઈની સારી સુવિધા મળે એ માટે રાજ્ય સરકાર વિવિધ યોજનાઓ થકી ખેતરો સુધી પાણી પહોંચાડી રહી છે, તે બાબતની ભૂમિકા આપતા રૂપાણીએ કહ્યું કે, જો વીજળી અને પાણી સારી રીતે મળે તો ગુજરાતના બાવડામાં એ તાકાત છે કે તે દુનિયાની ભૂખ ભાંગી શકે છે. ભૂતકાળની સરકારોએ સિંચાઈની સુવિધાનું કોઈ જ આયોજન કર્યું નહોતું. એટલે, ગુજરાતમાં દર બેત્રણ વર્ષે આવી પડતા દુષ્કાળમાં ખેડૂતોની સ્થિતિ કફોડી બની જતી હતી. ખેડૂતોને મરવાનો વારો આવતો હતો. આર્થિક રીતે પાયમાલ થતાં વ્યાજખોરીના ચક્કરમાં ફસાતો હતો.

ઉક્ત સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, ખેડૂતોને સમૃદ્ધ કરવા માટે રાજ્ય સરકારે સિંચાઈની સુવિધા વધુ સારી બનાવી છે. હર હાથ કો કામ અને હર ખેત કો પાનીનો અમારો મંત્ર છે. એ પ્રમાણે એમ ખેતરો સુધી પીયતના પાણી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. ભૂતકાળમાં સિંચાઈની યોજનામાં આટલું પાણી લિફ્ટ કરવું શક્ય નથી, એમ કહી ફાઈલોને માળિયે ચઢાવી દેવામાં આવતી હતી. પણ, આ સરકારી પાણીને ખેતર સુધી પહોંચાડવા માટે અશક્ય લાગતી યોજનાઓને શક્ય બનાવી છે. તેનું ઉદાહરણ કડાણા સિંચાઈ યોજના છે. મકાનના બાર માળ જેટલી ઉંચાઈએથી પાણી ખેંચી સિંચાઈ સુવિધા ઉભી કરવામાં આવી છે.

## રાજ્યમાં “બેટી બચાવો-બેટી પઢાવો” સપ્તાહની ઉજવણી

લુણાવાડા, રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૭ થી ૧૩ જાન્યુઆરી–૨૦૨૧ દરમ્યાન બેટી બચાવો–બેટી પઢાવો અભિયાન હાથ ધરાશે. આ અભિયાન દ્વારા લોકોને અલગ અલગ માધ્યમો દ્વારા માર્ગદર્શન પુરૂ પાડવા વિવિધ પ્રવૃતિ હાથ ધરી બેટી બચાવો–બેટી પઢાવો સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.

દીકરીલક્ષી વિવિધ કાર્યક્રમોનું સાંજે ૬–૦૦ કલાકે ડીડી ગીરનાર અને વંદે ગુજરાત દ્વારા પ્રસારણ કરાશે. જેમાં આજે તા.૦૯/૦૧/૨૦૨૧ ના રોજ સાંજે ૦૬.૩૦ થી ૦૭.૦૦ કલાકે દીકરીઓમાં માધ્યમિક શિક્ષણ માટે પ્રોત્સાહન (નાટક દ્વારા પ્રસ્તુત), તા. ૧૦/૦૧/૨૦૨૧ ના રોજ સાંજે ૦૬.૦૦ થી ૦૬.૪૫ કલાકે સ્ત્રી ભૃણ હત્યા અટકાવો બેટી બચાવો (નાટક દ્વારા પ્રસ્તુત), તા. ૧૧/૦૧/૨૦૨૧ ના રોજ સાંજે ૦૬.૦૦ થી ૦૬.૪૫ કલાકે દીકરીઓએ મેળવેલ સિધ્ધિઓની સાફલ્યગાથા (ડોક્યુમેન્ટરી ફીલ્મ તથા દીકરીઓની જુબાની), તા. ૧૨/૦૧/૨૦૨૧ ના રોજ સાંજે ૦૬.૦૦ થી ૦૬.૪૫ કલાકે દીકરીઓ પર થતી જાતીય હિંસા/ગુનાઓ સામે સુરક્ષા અને સલામતીની (નાટક દ્વારા પ્રસ્તુતી), તથા તા. ૧૩/૦૧/૨૦૨૧ના રોજ જિલ્લા કક્ષાએ દીકરી વધામણા કીટનું વિતરણ, દીકરીઓના નામની નેમ પ્લેટ અને વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જાન્યુઆરી–૨૦૧૫માં હરીયાણાના પાણીપત ખાતેથી બેટી બચાવો–બેટી પઢાવો અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના વર્ષ ૨૦૧૬થી ગુજરાત રાજ્યના કુલ ૨૨ જિલ્લાનઓમાં કાર્યરત છે. આ સપ્તાહની ઉજવણી દરમિયાન દીકરી જન્મને પ્રોત્સાહન, દીકરીને શિક્ષણ, દીકરીઓની સુરક્ષા તથા કીશોરીઓના આરોગ્ય અને પોષણ અંગે તજજ્ઞો દ્વારા ડીજીટલ પ્લેટફોર્મ દ્વારા માર્ગદર્શન પુરુ પાડી વ્યાપક સ્તરે પ્રચાર–પ્રસાર કરાશે એમ મહિલા અને બાળ વિકાસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## મુખ્યમંત્રી દ્વારા મહિસાગર જીલ્લાના નવનિર્મિત ન્યાયાલયનું આજે લોકાપર્ણ કરાશે

લુણાવાડા, ગુજરાતના તત્કાલિન મુખ્ય મંત્રી અને હાલ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ–૨૦૧૩માં મહીસાગર જિલ્લાની જાહેરાત કરતાં મહીસાગર જિલ્લો અસ્તિતત્વમાં આવ્યો હતો.

મહીસાગર જિલ્લો અસ્તિત્વમાં આવ્યા બાદ તા. ૨ જી એપ્રિલ–૨૦૧૭ માં મહીસાગર જિલ્લો જયુડિશિયલ તરીકે અલગ થયો હતો. નાગરિકોને ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા લુણાવાડામાં આધુનિક સુવિધાલક્ષી બિલ્ડીંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે વર્તમાન સ્થિતિ અને સમય મુજબ સુવિધાપૂર્ણ રૂા. ૩૩.૬૭ કરોડના ખર્ચે ૧૩,૭૯૧ ચો.મી. વિસ્તારમાં ચાર માળમાં જુદી જુદી અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવેલ જિલ્લા ન્યાયાલય સંકુલનું મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ વિક્રમ નાથ આવતીકાલ તા.૯/૧/૨૦૨૧ના રોજ સવારના ૧૧–૧૫ કલાકે લોકાપર્ણ કરશે.

આ નવા અદ્યતન નવનિર્મિત જિલ્લા ન્યાયાલયમાં એડીઆર સેન્ટર, સ્ટાફ માટે જરૂરી વ્યવસ્થા, કેન્ટીન, એટીએમ સ્ટેમ્પ વેન્ડર, પોસ્ટ ઓફિસ, પાર્કિંગ, આંતરિક રસ્તાઓ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત હાઈકોર્ટના જજ આર. એમ. છાયા, ગુજરાત હાઈકોર્ટના નામદાર જજ અને મહીસાગર જિલ્લાના વહીવટી જજ એ. સી. જોષી, ગૃહ અને કાયદા રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મહીસાગર જિલ્લા ન્યાયાલયના મુખ્ય જિલ્લા ન્યાયાધીશ એચ. એ. દવે, મહિસાગર જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ અને એડવોકેટ મનોજ આર. પટેલ સહિત જિલ્લા ન્યાયાલયના જજઓ, વકીલો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહેશે.

## મહીસાગર જિલ્લામાં આજે ૦૫ પોઝિટિવ કેસ

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રીનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૮–૦૧–૨૦૨૧ના સાંજના ૫–૦૦ વાગ્યા સુધીમાં ૧૯૬૭ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાટમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષો, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૮૯૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૧૭૯૮ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૩ દર્દી ડીસ્ટ્રીલકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦ દર્દી હોમ આઈસોલેશન, CCC લુણાવાડા, ૦૦ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૧ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

## ૫મી જાન્યુઆરીએ પ્રસિદ્ધ કરાયેલી મતદારયાદીમાં નામ અંગે વિસંગતતા જણાય તો મતદાર નોંધણી અધિકારીનો સંપર્ક કરવો

લુણાવાડા, વિધાનસભાની મતદાર યાદી પરથી તૈયાર કરવામાં આવેલ ગુજરાત રાજયની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી ચૂંટણી માટે મતદારોની મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિ તારીખ ૫મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કરવામાં આવેલ છે. મતદારયાદીમાં પોતાના નામો અંગે કોઈ વિસંગતતા જણાય તો સંબંધિત મતદાર નોંધણી અધિકારીનો સંપર્ક કરવા રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવાયુ છે.

## શહેરા વલ્લભપુર ગામના અગ્રણીઓ દ્વારા વિવિધ યોજનાના લાભાર્થીઓના નાણાં વહેલી તકે જમા કરવા આવેદન

શહેરા, શહેરા તાલુકા પંચાયત કચેરીમાં વલ્લભપુર ગામના અગ્રણીઓ દ્વારા તાલુકા વહીવટીતંત્રની સરકારી યોજનાના લાભાર્થીના નાણાં લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવે તેવી લેખિતમાં રજુઆત કરી આવેદન આપવામાં આવ્યું. શહેરા તાલુકાના અંતરીયાળ ગામોમાં રહેતા લોકો માટે સરકારની વિવિધ યોજના જાહેર કરેલ છે. આ યોજનાનો લાભ લાભાર્થી લેતા હોય છે. પરંતુ વિવિધ સરકારી યોજનાઓના નાણાં લાભાર્થીઓના ખાતામાં જમા થયેલ નથી. તેમાં શહેરા તાલુકામાં સરકારી યોજના શૌચાલય, પ્રધાનમંત્રી આવાસ, નરેગા યોજનાની ગ્રાન્ટો છેલ્લા એક વર્ષથી બાકી છે. આવી યોજનાના લાભાર્થીઓના નાણાંકીય હપ્તો વહેલી તકે જમા થાય તેવી માંગ સાથે વલ્લભપુર ગામના યુવા અગ્રણીઓ દ્વારા શહેરા તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં આવેદન આપવામાં આવ્યું હતું. તાલુકા વિકાસ અધિકારીને આપવામાં આવેલ આવેદનમાં જણાવવામાં આવ્યું કે વિવિધ યોજનાના લાભાર્થીઓ પાસેથી એજન્ટો બે થી પાંચ હજાર રૂપીયાની માંગ કરતા હોય છે. તેની જગ્યાએ લાભાર્થી પોતે ફોર્મ લઈને આવે તેના સ્વીકાર કરવામાં આવે તેવી પણ માંગ કરાઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૯-૦૧-૨૦૨૧, શનિવાર, માગશર વદ-૧૧, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૧૭, જૈન નવકારશી-૮-૧૭, આજની રાશિ: વૃશ્ચિક (ન.ય.), નક્ષત્ર: વિશાખા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૧૨-૩૨થી ૧૩-૧૫ અભિજીત, ૭-૨૯થી શુભ-૮-૫૦ સુધી ૧૧-૩૨થી ચલ-લાભ-અમૃત-૧૫-૩૫ સુધી, ૧૬-૫૬થી શુભ-અમૃત-ચલ-૨૧-૩૫ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૨૪થી ૯-૧૮ સુધી ૧૧-૦૬ થી ૧૩-૪૯ સુધી, ૧૪-૪૨ થી ૧૫-૩૬ સુધી, ૧૭-૨૫ થી ૨૦-૩૧ સુધી |

## રાજ્યના ૨૪૮ તાલુકાઓમાં ત્રણ વેક્સિનેશન કેન્દ્ર પર કરાયું ડ્રાયરન



અમદાવાદ, આજે સમગ્ર દેશમાં વેક્સિન ડ્રાયરન,જેમાં ગુજરાતના ૩૩ જિલ્લાના ૨૪૮ તાલુકાઓમાં તાલુકાદીઠ ત્રણ વેક્સિનેશન કેન્દ્ર પર ડ્રાયરન કરવામાં આવ્યો. તેમજ શહેરોમાં ૨૬ ઝોન વિસ્તારમાં ડ્રાયરનનું આયોજન કરવામાં આવ્યું છે.રાજ્યના અંતરિયાળ-ડુંગરાળ વિસ્તારોમાં રસીકરણ અંગે ઓફલાઈન વ્યવસ્થા ગોઠવવા કેન્દ્રીય મંત્રીને અનુરોધ કરવામાં આવ્યો છે. અમદાવાદ જિલ્લાના તાલુકાના રસીકરણ કેન્દ્ર પર ડ્રાયરન યોજવામાં આવ્યો હતો.ત્યારે બગોદરા બાવળાના રસીકરણ કેન્દ્રની ઓચિંતી મુલાકાત ચીફ સેક્રેટરી અનિલ મુકિમએ લધી હતી.અને રસીકરણ કેન્દ્ર પરની વ્યવસ્થા ની માહિતી અમદાવાદ ઈએમઓ ડોકટર ચિંતન પાસેથી મેળવી.અને અમદાવાદ ગ્રામ્યની હેલ્થ ટીમની કામગીરીને બિરદાવી છે. રસીકરણ કેન્દ્ર પર વિશેષ આયોજન કરાયું છે.એક કેન્દ્ર પર ત્રણ રૂમ તૈયાર કરાયા છે.જેમાં વેટિંગ રૂમ, વેક્સિનેશન રૂમ અને ઓબ્ઝર્વેશન રૂમ. તેમજ વેક્સિન કેરિયર પણ રાખવામાં આવ્યા છે.

જેમાં વેક્સિન યોગ્ય તાપમાન માં રહી શકે.તંત્ર દ્વારા લિસ્ટ તૈયાર કરવામાં આવ્યું છે.જેમાં લાભાર્થીઓને નામ અને નંબર લેવામાં આવ્યા છે . જ્યારે વેકસીન આપવાની શરૂઆત થશે ત્યારે નંબર પર મેસેજ મોકલવામાં આવશે.તે સમયે જ લાભાર્થીઓએ વેકસીન લેવા માટે જવાનું રહશે. સમગ્ર દેશમાં છેલ્લા એક વર્ષમાં ૧ કરોડ ૩ લાખ ૯૫ હજાર ૨૭૮ કેસ થયા છે. તે પૈકી ૧ કરોડ ૧૬ હજાર લોકોએ કોરોનાને મ્હાત આપી છે. અન્ય દેશો કરતાં ભારતમાં રીકવરી રેટ ૯૬.૩૫ % અને મૃત્ત્યુદર ૧.૪૫ % જે સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રીકવરી રેટ છે. દેશમાં ટુંક સમયમાં કોરોનાની રસી ઉપલબ્ધ થનાર છે. આ રસીથી નાગરિકોને સુરક્ષીત કરવા માટે સમગ્ર દેશમાં ડ્રાયરન કરવામાં આવ્યો છે.

નીતિનભાઈ પટેલે રાજ્ય સરકાર દ્વારા કોરોનાના રસીકરણ સંદર્ભે ગુજરાતે કરેલ આયોજનની વિગતો આપતાં કહ્યું કે, ગુજરાતમાં પ્રથમ તબક્કામાં જે નાગરિકોને રસીથી સુરક્ષીત કરવાના છે તે માટે રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સંપૂર્ણ આયોજન કરી દેવાયું છે. રાજ્યમાં પ્રથમ તબક્કામાં ૪.૩૩ લાખ સરકારી અને ખાનગી હોસ્પિટલના ડોક્ટર-નર્સ, હેલ્થ વર્કરો, મલ્ટીપર્પઝ વર્કરો, સુપરવાઈઝર, સ્વીપર સહિતના કર્મીઓને આવરી લેવામાં આવનાર છે. રાજ્યના ૩૩ જિલ્લાઓમાં અને મહાનગરપાલિકાઓમાં મોપ-અપ ડ્રાયરન રાઉન્ડની કામગીરી પણ પૂર્ણ કરી દેવાઈ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લાઓમાં આ ડ્રાયરનનું આયોજન કરવામાં આવ્યું છે. સોલા સિવિલ હોસ્પિટલ ખાતે ભારત બાયોટેકનોલોજીની રસી ૧૦૦૦ લોકોને આપવા માટેનો ડ્રાય રન કરવામાં આવ્યો હતો. તે તમામને આ રસી આપી દેવાઈ છે. તેની કોઈને પણ આડઅસર જોવા મળી નથી. બીજા રાઉન્ડમાં પણ ૩૦૦૦ નાગરિકોને આ રસી આપવામાં આવી છે.

(પાન નં.૧ નું ચાલુ)

### દિવાળીમાં દાઝેલી રૂપાણી.....

કરવામાં આવશે. માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ ભંગ બદલ કડક કાર્યવાહી કરાશે. એડવોકેટ જનરલે નિવેદન આપ્યું કે, એક વર્ષમાં ૬૪૦ કરોડ રૂપિયાથી વધુના પતંગ વેચાય છે એક લાખથી વધુ લોકોને રોજગારી મળે છે તેમને રોજગારી છીનવાઈ તે યોગ્ય નથી. દિવાળી વખતે એક વખત દાઝ્યા છીએ. ફરીથી ચૂક ના થાય તે જોવાની અમારી જવાબદારી છે.યોગ્ય કાર્યવાહી કરીશું. ધાબા પર બહારથી આવનારા કોઈ જ આવી નહિ શકે. ટંકશાળ બજાર, રાયપુર નરોડા જેવા વિસ્તારો, જ્યાં ઉત્તરાયણમાં ભીડ ભેગી થતી હોય છે, ત્યાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહેશે. ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ માંજા પર પ્રતિબંધ લગાવાશે.

હાઈકોર્ટે આદેશ કર્યો કે, પતંગ ઉડાવવા પર પ્રતિબંધ નથી. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા યોગ્ય છે. રાજ્ય સરકાર દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકાનું પાલન થાય તે જરૂરી. સરકારને આદેશ કરવામાં આવે છે કે માર્ગદર્શિકાની જાહેરાત કરે. ૧૩માંથી ચોથા મુદ્દા પર સુધારો કરવામાં આવે. એપાર્ટમેન્ટ અને સોસાયટીના સેક્રેટરી સામે નિયમોનો ભંગ થવા પર કાયદેસરના પગલાં લેવામાં આવશે.

હાઈકોર્ટે કહ્યું કે, ગર્ભવતી મહિલાઓ અને ૬૫ વર્ષથી મોટી ઉંમરના વ્યક્તિઓ અને કો-મોર્બોડિટી ધરાવતા લોકો ધાબે ન જાય તે હિતાવહ છે. અમે કોઈ ધર્મની વિરુદ્ધમાં નથી પરંતુ કોરોના સંક્રમણ ન ફેલાય તેના માટે પૂરતી તકેદારી રાખવી જરૂરી છે.

## ISI માર્કાનો દૂરઉપયોગ કરતા એકમો પર BIS વિભાગની તવાઈ

અમદાવાદ, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ વિભાગ દ્વારા લાઈસન્સ વિનાં આઈએસઆઈ માર્કા સાથેનાં ઈલેક્ટ્રીક કેબલનું વેચાણ કરતા એકમો પર તવાઈ બોલાવવામાં આવી છે. બીઆઈએસ વિભાગે અમદાવાદ જિલ્લાનાં દસક્રોઈમાં આવેલા બાકરોલમાં ગોપાલ ચરણ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સ્વાગત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી કેબલ બનાવતી ચાર કંપનીઓમાં રેડ કરી હતી. આ રેડ દરમ્યાન બીઆઈએસ વિભાગને મોટી માત્રામાં ગેરરીતી જોવા મળી. તેમજ નકલી આઈએસઆઈ માર્કા લાગેલા અલગ અલગ બ્રાન્ડનાં ૧.૫૦ લાખ મીટરથી પણ વધુ કેબલો મળી આવ્યા હતા. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ વિભાગે ગુરુદેવ ઈન્ડસ્ટ્રીઝમાંથી ૫૨ હજાર ૭૦૦ મીટર, આશીર્વાદ ઈન્ડસ્ટ્રીઝમાંથી ૮૦ હજાર મીટર, કૃષ્ણા કેબલમાંથી ૨૫ હજાર મીટર તેમજ પોલીસ્યોર કેબલ ઈન્ડસ્ટ્રીઝમાંથી ૨૫૦ મીટર અને ૨૦૦૦ લેબલ કબ્જે કર્યા હતા. આ કંપનીઓમાં કનેક્ટ, એસીઆઈ, SEE ડિલ્કસ તેમજ ફલૂગા, ડાયમંડ, ફિકોન અને ભાવિક જેવા બ્રાંડના નામથી કેબલ વેચાતા હોવાનું સામે આવ્યુ છે. BIS વિભાગે આ તમામ કેબલ કબ્જે કરી કંપનીનાં સંચાલક સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દૈનિક રાશીફળ

**તા.૦૯.૦૧.૨૦૨૧ શનિવાર**

મેષ(અ.લ.ઈ.) :- આર્થિક બોજો ઘટતો જોવા મળશે. નોકરીમાં પ્રગતિ, સામાજીક કાર્યોમાં સફળતા, માતાથી લાભ રહે. પ્રવાસ થાય.

વૃષભ(બ.વ.ઉ.) :- અંગત જીવનમાં પરિવર્તન થાય. લકઝરી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ.

મિથુન(ક.છ.ઘ.) :- લખાણ-દસ્તાવેજોના કાર્યમાં અનુકુળતા રહે. રાજકીય લાભ. કર્મચારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય ખર્ચ રહેવાનો ઉત્સાહ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું કાર્યભાર ટાળવો.

સિંહ(મ.ટ.) :- સગા સ્નેહી સાથે પાર્ટીનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા જીવન સાથી સાથે સુમેળ રાખવો. ગુસ્સો ટાળવો.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી કરવાથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રહો. ધાર્મિક કાર્યમાં સફળતા વિદેશથી લાભ.

તુલા(ર.ત.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભકર્તા રહે.

વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનુ આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

મકર(ખ.જ.) :- માનસિક ટેન્સન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભ દાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

કુંભ(ગ.શ.સ.) :- નોરીમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

મીન(દ.ચ.ઝ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. માતાનો સહકાર રહે. જમીન મકાનના કાર્યો બાબત અનુકુળતા રહે.

ગુજરાત સરકાર

શહેરોથી આધુનિક શહેરોની વિકાસયાત્રા

ઈઝ ઓફ લિવિંગ તરફ આગળ વધીને ગુજરાતના શહેરોને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવાયા

શહેરોની ઝડપ ધીમી ના પડે તે માટે રોડ રસ્તાઓનું નિર્માણ

- છેલ્લા ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ. ૬૨૯૫.૭૭ કરોડના ખર્ચે ૯૦૬૫.૪૧ કિ.મી.રોડનું નિર્માણ કરવામાં આવ્યું
- છેલ્લા ૫ વર્ષમાં મહાનગરપાલિકાઓમાં ૩૬ અને નગરપાલિકાઓમાં ૪૫ બ્રિજ અને ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું
- ફાટક મુક્ત ગુજરાતઃ છેલ્લા ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં રૂ.૫૦૮.૪ કરોડના ખર્ચે ૩૧ રેલ્વે ફાટકો દૂર કરીને ઓવરબ્રિજ કે અંડરબ્રિજ બનાવ્યાં

ગુજરાતમાં બનશે હવે દૂબઈ સિંગાપૂર જેવી ઉંચી ઈમારતો

- રાજ્ય સરકારે ૫ મહાનગરોમાં ૭૦ માળની બિલ્ડિંગ બાંધવાની પરમિશન આપી
- છેલ્લા ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં ૧૩૯ પાર્ક બનાવવામાં આવ્યાં
- સરકારી સુવિધાઓ સરળતાથી મળે તે હેતુથી જનસેવા કેન્દ્રો કાર્યરત
- શહેરોમાં નવા અને આધુનિક બસ ડેપોનું નિર્માણ કરવામાં આવ્યું

વિકસતા શહેરોના સુઆયોજિત વિકાસ માટે છેલ્લા ૩ વર્ષમાં
**૩૧૧ TP અને ૪૦ DP સ્કિમોને આપી મંજૂરી**

- ગુજરાતના નગરો-મહાનગરોના નવતર આયોજનના પ્રોજેક્ટ્સમાં આવી અભૂતપૂર્વ ગતિ
- ODPS દ્વારા બાંધકામની તમામ પરમિશન હવે ઓનલાઈન, કચેરીઓના ધક્કા બંધ થયા અને પારદર્શકતા આવી

છેલ્લા ૪ વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લગભગ ૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ

શહેરોમાં વૈશ્વિક કક્ષાનું હેલ્થ ઈન્ફાસ્ટ્રક્ચર ઉભું કરાયું

- દેશની પ્રથમ અત્યાધુનિક સૌથી મોટી હૃદય રોગની યુ. એન. મહેતા હોસ્પિટલ અમદાવાદમાં કાર્યરત
- અમદાવાદમાં ૧૩૦૦ બેડની SVP હોસ્પિટલ બનાવી
- રાજકોટમાં એઈમ્સનું ખાત મૂર્હુત કરાયું
- છેલ્લા ૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્યલક્ષી સારવાર માટે ૧૨૦ અર્બન હેલ્થ કેર સેન્ટર કાર્યરત

HOSPITAL

નવા અને અતિ આધુનિક વૈશ્વિક કક્ષાના શહેરોનું નિર્માણ થઈ રહ્યુ છે

- ગાંધીનગર જોડે બની રહી છે ગિફ્ટ સીટી, રાજ્યના ૬ શહેરો બની રહ્યાં છે સ્માર્ટ સિટી
- સ્માર્ટ સીટીસ એવોર્ડ પ્રતિયોગિતામાં ગુજરાતને ૧૩ એવોર્ડ મળ્યાં
- સેફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ તમામ શહેરોમાં સીસીટીવી કેમેરા નેટવર્કથી આવરી લેવાયા
- રી-યુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટરઃ ભૂગર્ભ ગટરના પાણી રીસાયકલ કરી તેનો ઉપયોગ ઉદ્યોગો, બાગબગીચા તેમજ બાંધકામ ક્ષેત્રે થઈ શકે તે માટે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત

સ્વચ્છતાની બાબતમાં ગુજરાતના શહેરો અગ્રેસર

સ્વચ્છતા સર્વેક્ષણ વર્ષ ૨૦૨૦માં દેશના ટોપ-૧૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના ૪ શહેર

સુરત શહેર ભારતનું બીજા નંબરનું સૌથી સ્વચ્છ શહેર

શહેરોમાં ડોર-ટુ-ડોર કચરાના નિકાલની વ્યવસ્થા

નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

ગુજરાતના શહેરોને સ્માર્ટ, આધુનિક, પ્રદૂષણરહિત અને જીવવાલાયક-માણવાલાયક બનાવવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# દે.બારીઆના વિરોલ ગામની મહિલા સરપંચ ૬ હજારની લાંચ લેતાં ACB દ્વારા ઝડપાઈ


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ તાલુકાના વિરોલ ગામની મહિલા સરપંચ દ્વારા ચાલચલગતના દાખલો આપવા તથા સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ મળવા અંગે કાર્યવાહી કરી આપવા આ મહિલા સરપંચ દ્વારા બંન્ને કામો કરી આપવા માટે જાગૃત નાગરિક પાસે રૂ.સાડા છ હજારની માંગણી કરતાં આખરે ૬ હજાર આપવાનું નક્કી થતાં પરંતુ જાગૃત નાગરિક આ રકમ આપવા માંગતા ન હોવાથી જાગૃત નાગરિક દ્વારા આ અંગે એ.સી.બી. પોલિસનો સંપર્ક કર્યો હતો અને આ માહિતી મળતાની સાથે જ દાહોદ એ.સી.બી. મથકના પોલીસ ઈન્સ્પેક્ટર પી.કે.અસોડા તથા તેમના સ્ટાફે આજરોજ દેવગઢ બારીઆ તાલુકાના કાળી ડુંગરી ગામે ઝટકુ ગોઠવ્યું હતું અને આ મહિલા સરપંચે લાંચના રૂ.૬ હજાર જાગૃત નાગરિક પાસેથી સ્વીકારતાની સાથે જ મહિલા સરપંચને દાહોદ એ.સી.બી.ની ટીમે રંગેહાથે ઝડપી પાડતાં દાહોદ જિલ્લાના લોભીયા અને ભ્રષ્ટ સરપંચોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દેવગઢ બારીઆ તાલુકામાં રહેતા એક જાગૃત નાગરિકની પત્નીએ માહે - સપ્ટેમ્બર ૨૦૨૦ માં દેવગઢ બારીયા તાલુકામાં આવેલ આંગણવાડીઓમાં સુપરવાઈઝરની જાહેરાત પડેલ જેમાં સુપરવાઈઝરનુ ફોર્મ ભરેલ હતું જે સુપરવાઈઝરના ફોર્મ સાથે ગામના જુના સરપંચના ચાલચલગતના દાખલાની નકલ જોડેલ હતી પરંતુ હાલના નવા સરપંચનો ચાલચાલગતનો દાખલો સુરપરવાઈઝરના ફોર્મમાં જોડવાનો હોય જેથી જાગૃત નાગરિક દ્વારા દશેક દિવસ પહેલા નવા સરપંચને રૂબરૂમાં મળ્યા હતા અને ચાલચલગતના દાખલો આપવા તથા સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ મળવા અંગે કાર્યવાહી કરી આપવા પણ વાત કરતાં જાગૃત નાગરિકને આરોપી દેવગઢ બારીઆ તાલુકાના ડુંગર ગામના સરપંચ વાલીબેન સુરેશભાઈ લખાભાઈ વણકરે કહેલ કે, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો - ૨૦૧૩ માં પસંદ પામેલ અગ્રતા ધરાવતા કુંટંબોની યાદીમાં સમાવેશ કરવા માટેનો દાખલો અંગેનુ ફોર્મ આપી સોગંદનામુ કરીને ફોર્મ ભરી ડોક્યુમેન્ટ જોડી આપી દેજો તેમ જણાવ્યું હતું ત્યાર બાદ તા.૦૬/૦૧/૨૦૨૧ ના રોજ સરપંચ વાલીબેન સુરેશભાઈ લખાભાઈ વણકરે જાગૃત નાગરિકને ફોન કર્યો હતો જેથી જાગૃત નાગરિકે કામ બાબતે પુછતા સરપંચે જણાવેલ કે, તમારા ઉપરોકત બન્ને કામ માટે રૂપિયા સાડા છ હજાર થશે તેમ જણાવી લાંચની માંગણી કરેલ જેથી જાગૃત નાગરિકે થોડુ ઓછું વત્તુ કરવા જણાવતા તેઓ રકઝકના અંતે રૂ.૬,૦૦૦/- લાંચની માંગણી કરી હતી. આ લાંચની રકમ જાગૃત નાગરિક આપવા માંગતા ન હોય આજરોજ દાહોદ એ.સી.બી.પો.સ્ટે.નો સંપર્ક કરતાં જ દાહોદ એ.સી.બી.પોલિસ મથકના પોલીસ ઈસ્પેકટર પી.કે.અસોડા અને તેમના સ્ટાફે કાળી ડુંગરી ગામે બસ સ્ટેશનની પાસે જ્યા લાંચની રકમ સ્વીકાર્યાનું નક્કી કરવામાં આવ્યું હતુ ત્યારે એ.સી.બી.પોલીસ વોચ ગોઠવી છુટ્ટકુ તૈયાર કરી લીધું હતું અને જેવા જાગૃત નાગરિક પાસેથી સરપંચ વાલીબેન સુરેશભાઈ લખાભાઈ વણકરે રૂ.૬,૦૦૦/- ની લાંચ સ્વીકાર્તા જ પોલીસે આ મહિલા સરપંચને રંગેહાથે ઝડપી પાડ્યાં હતાં. આ ટ્રેપની જાણ વાયુવેગે દાહોદ જિલ્લાના પંચાયત સહિત ગ્રામ પંચાયત મંડળીઓમાં ફેલાતા કેટલાક ભ્રષ્ટ્ર અને લાંચીયા સરપંચ મંડળીઓમાં હાહાકાર સહિત ફફડાટ પણ ફેલાઈ જવા પામ્યો હતો.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૦૮ કોરોના દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૧૬ને પાર થઈ ચુક્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૯૩ પૈકી ૦૫ અને રેપીટ ટેસ્ટના ૫૯૨ પૈકી ૦૩ મળી આજે ૦૮ કેસો સામે આવ્યાં છે. આ ૦૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨ અને લીમખેડામાંથી ૦૨ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૧૩ દર્દીઓને એકસાથે હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૯૬ રહેવા પામી છે. ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૩ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

# ધાનપુર તાલુકાના ખોખરા ગામના બુટલેગરોએ દારૂની બાબતને લઈ પત્રકારને ફટકાર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ખોખરા ગામે રહેતા એક દૈનિક અખબારના પત્રકારને દારૂ પકડાવી સમાધાન ન કરવા દેવાના મુદ્દે ગામના બે બુટલેગરોએ ગાળો બોલી બે ચાર ઝાપટો મારી તથા ગડ્ડાપાટુનો માર મારી તેમજ જાનથી મારી નાખવાની ધાકધમકી આપ્યાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ધાનપુર તાલુકાના ખોખરા ગામે નિશાળ ફળીયામાં રહેતા અને છેલ્લા એક વર્ષથી સંદેશ દૈનિક અખબારમાં પત્રકાર તરીકે માનદ સેવા આપતા ૩૫ વર્ષીય અર્જુનસીંગ ગોપસીંગભાઈ પટેલ ગત તા.૪.૧.૨૦૨૧ના રોજ સાંજના છ એક વાગ્યાના સુમારે તેમના અંગત કામ અર્થે ગામમાં રોડ પર ગયા હતા તે વખતે તેના જ ગામના નિલેશ અભેસીંગ તડવી તથા ચેતન કલ્યાણસીંહ ચૌહાણ રોડ પર મળી ગયા હતા અને કહેલ કે તા.૨૯.૧૨.૨૦૨૦ના રોજ દારૂનો એક કેસ ધાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો અને તે બંનેને ધાનપુર પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. તે વખતે પત્રકાર અર્જુનસીંગ પટેલ ધાનપુર પોલીસ સ્ટેશને આવ્યા હતા અને આ બંને કોણ અહીંયા લાવ્યુ છે ? તેમ પુછ્યુ હતુ અને તમોએ જે અમારૂ સમાધાન થવા દીધું ન હોવાના આક્ષેપ કરી પત્રકાર અર્જુનસીંગ પટેલને બેચાર ઝાપટો મારી અને હવે અમારા ઉપર પોલીસ કેસ કરશે કે અમારૂ કંઈ થશે તો તને જાનથી મારી નાખીશું તેવી ધાકધમકી આપી ગાળો બોલી ગડદાપાટુનો માર મારતા હોઈ પત્રકારે બુમાબુમ કરી મુકતા ગામના જસુભાઈ તથા મનુભાઈ આવી જતા નિલેશ અભેસીંગ તડવી તથા ચેતન કલ્યાણસીંહ ચૌહાણે તુ મોટો પત્રકાર બની ગયો છે અને અમારો ધંધો કરવા દેતો નથી કહી જતા રહ્યા હતા. આ સંબંધે ખોખરા ગામના પત્રકારે ધાનપુર પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે ખોખરા ગામના નિલેશ અભેસીંહ અને ચેતન કલ્યાણસીંહ ચૌહાણ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કડાણા ઉદ્વહન યોજનાના લોકાપર્ણ પહેલા ભાજેલા ગામ પાસે પાઈપ લાઈનમાં ભંગાણ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કડાણા સિંચાઈ યોજનાનું લોકાર્પણ થાય તે પહેલાં જ લાઈનમાં ભંગાણ. ઝાલોદ ખાતે મુખ્યમંત્રીના હસ્તે યોજનાનું થઈ રહ્યું છે લોકાર્પણ.

દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે કડાણા જળાશય આધારિત ઉદ્વહન સિંચાઇ યોજનાનો ૧૦૫૪ કરોડના ખર્ચે લોકાર્પણ થવા જઈ રહ્યું છે મુખ્ય મંત્રી વિજય રૂપાણીના હસ્તે લોકાર્પણ થનાર છે જયારે આ યોજનાનું લોકાર્પણ થાય તે પહેલાં જ લાઈનમાં ભંગાણ થયું હતું ભોજેલા ગામ એ લાઈનમાં ભંગાણ થતા આસપાસના ખેતરોમાં પાણી ફરી વળ્યા હતા જેમાં ઘઉં અને ચણા ના ખેતરો જળબંબાકાર જેવી સ્થિતિ માં સર્જાયા હતા. ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થવા પામ્યું હતું.

# સોની સમાજ દ્વારા સુરત ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ દાહોદ જિલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોનીનો અભિવાદન સમારોહ યોજાયો

સુરત,

સુરત શહેરના કતારગામ ઝોનમાં ગુરુવારે સવારે નાની વેડ સ્થિત કેશવ ફાર્મ હાઉસ ખાતે સમસ્ત સોની સમાજ સુરત દ્વારા આદરણીય પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ દેશના વિવિધ જિલ્લામાં ભાજપમાં ઉચ્ચપદ પર આરૂઢ થયેલા સોની સમાજના બંધુ તથા ભગિનીઓનો અભિવાદન સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો.સુરત શહેરમાં યોજાયેલા આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે દેશના ૨૬ રાજ્યો પૈકી ૧૯ રાજ્યોમાં વસતા અને ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા આગેવાનો આ અભિવાદન સમારોહમાં જોડાયા હતા.

આ અભિવાદન સમારોહના મુખ્ય મહેમાન અને ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત સોની સમાજની ઉપસ્થિતિ પર પોતાની ખુશી વ્યકત કરતા જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં અલગ અલગ રાજ્યોમાં આટલી મોટી વિશાળ સંખ્યામાં સોની સમાજ ભાજપા સાથે જોડાયેલો છે તે ખુબ જ આનંદની વાત છે. ગુજરાતની ૧૮૨ સીટો પર કેસરિયો લહેરાવવાના સંકલ્પ સાથે પક્ષના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.ત્યારે આ સંકલ્પને સફળતા તરફ લઈ જવામાં પક્ષને સમગ્ર સોની સમાજનું પૂરેપૂરું સમર્થન મળી રહેશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે.સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાં સોની સમાજની અટક અલગ અલગ છે.ત્યારે આટલી વિશાળ સંખ્યામાં વસતા સોની સમાજનું પક્ષને મળી રહેલું સમર્થન ખુશીની વાત છે.

સમગ્ર દેશમાંથી આવેલા સોની સમાજના વિવિધ આગેવાનો કે જેઓ ભાજપામાં વિવિધ પદ પર જવાબદારી નિભાવી રહ્યા છે તેવા મુકેશભાઈ લંગાળીયા, નરેન્દ્રભાઈ સોની, કમિનીબેન સોની, પ્રકાશભાઈ સોની, હેમાબેન કડેલનું ભાજપમાં જવાબદારી નિભાવવા બદલ સમાજના અગ્રણીઓ દ્વારા ઉષ્મા ભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ ખુબ જ સફળ રહ્યાની ખુશી સુરત સોની સમાજના આગેવાનોએ વ્યક્ત કરી હતી.

## ગોધરાના વાલી ફળીયામાં રહેતા

# ISI ના એજન્ટની UP A.T.S. દ્વારા ગોધરાથી ધરપકડ



ગોધરા,

પાકિસ્તાનને ભારતના લશ્કરની ગુપ્ત માહિતી આપવાના કૌભાંડમાં ગોધરા વાલી ફળીયા નં.૩માં રહેતા ઈસમને ગોધરા એસ.ઓ.જી. અને ઉત્તરપ્રદેશ એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો. ટ્રાન્ઝીસ્ટ રીમાન્ડ મેળવી લખનઉ ખાતે લઈ જવામાં આવ્યો.

ગોધરા શહેર વાલી ફળીયા નં.૩માં રહેતા અનસ ગીતેલી પાકિસ્તાનને ભારત લશ્કરની ગુપ્ત માહિતી આપતો હોવાનું કૌભાંડ ખુલવા પામ્યું હતું. ગોધરાના વાલી ફળીયા નં.૩માં રહેતા અનસ ગીતેલીને ગોધરા એસ.ઓ.જી. પોલીસ અને ઉત્તરપ્રદેશ એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલ ઈસમની પ્રાથમિક પૂછપરછમાં અનસ ગીતેલી એ એકસ આર્મીમેનના બેંક ખાતામાં નાણા જમા કરાવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ગોધરા ખાતેથી ઉત્તરપ્રદેશ એટીએસ અને ગોધરા એસ.ઓ.જી. દ્વારા ઝડપી પાડવામાં આવેલ ઈસમ અનશ ગીતેલીના ભાઈ ઈમરાન ગીતેલીને સપ્ટેમ્બર માસમાં એન.આઈ.એ. દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

ગોધરા ખાતે આવેલ ઉત્તરપ્રદેશ એટીએસ દ્વારા યુપીના હાપુડ ખાતે ગોધરામાં રેડ કરી હતી. દરમ્યાન હાપુડ થી સેનાના એક પૂર્વ જવાન અને ગોધરા થી અનસ ગીતેલીને ઝડપી પાડવામાં આવ્યા છે. યુ.પી. એટીએસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ બન્ને ઈસમો પાસેથી પાકિસ્તાન જાસૂસી એજન્સી આઈએસઆઈ માટે જાસૂસી કરવાના મહત્વના પુરાવા મળ્યા છે.

### PIOના સંપર્કમાં હતો આરોપી

સિગ્નલમેન સૌરભ શર્મા (સેવા નિવૃત) પાકિસ્તાનની જાસુસી સાથેના સબંધની વાત સ્વીકારી છે, તેને ખુલાસો કર્યો કે તે ફેસબુક પર ૨૦૧૪માં પાકિસ્તાની ઈન્ટેલિજન્સ ઓપરેટિવ (PIO) ના સંપર્કમાં આવ્યો હતો. તેણે ખુદને એક સુરક્ષાના જાણકાર ગણાવ્યા હતા. તે બાદ તેમણે ૨૦૧૬ સુધી કેટલીક સંવેદનશીલ સુચનાઓ શેર કરી છે. તે આ સૂચનાઓને ટેક્સ્ટ, ઓડિયો અને ફોટો મેસેજના રૂપમાં શેર કરતો હતો અને કોલ પર પણ મોટાભાગે વોટ્સએપનો ઉપયોગ કરતો હતો, તેણે પોતાના હેન્ડલર્સ પાસેથી કેટલાક પૈસા પણ મળ્યા છે.

### - UP ATS દ્વારા ઝડપી પાડવામાં આવેલ ઈસમના ભાઈને ત્રણ માસ પહેલા NIA દ્વારા ધરપકડ કરી હતી.
### - ગોધરામાં ISI ના એજન્ટ પકડાતા હડકંપ.

ATSએ સૌરભને પાકિસ્તાનની જાસુસી એજન્સીના કહેવા પર પૈસા મોકલનારા આરોપી અનસ ગિતૈલીને ગુજરાતના ગોધરાથી પકડ્યો હતો. અનસના મોટા ભાઈ ઈમરાન ગિતૈલીને NIA હૈદરાબાદ દ્વારા ૧૪ ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી. તે પણ પાકિસ્તાન જાસુસી એજન્સી માટે જાસુસી કરતો હતો.

## પંચમહાલ ખાણ-ખનિજ કચેરીના જુનિયર કલાર્ક પાસેથી ઝડપાયેલ ૫.૧૪ લાખ રૂપીયા કયાંથી આવ્યા તે જાણવામાં ACB નિષ્ફળ

ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ કચેરી ગોધરાના કર્મચારી ખાનગી વાહનમાં ગેરકાયદેસર રીતે લાંચની રકમ મેળવેલ હોય અને આ લાંચની રકમ સાથે કર્મચારી ગોધરા થી ગાંધીનગર તરફ જઈ રહ્યા છે. તેવી બાતમી એસીબીને ટોલ ફ્રી નંબર ઉપર થી મળેલ હતી. બાતમીના આધારે સ્વીફટ ડીઝાસ્ટર કારને રોકીને કાર માંથી ૫,૧૪,૧૦૦/-રૂપીયા તથા પરવાનાવાળી રિવોલ્વર સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. રોકડ રકમ સાથે પકડાયેલ કર્મચારી તેની પાસેથી મળી આવેલ રકમનો સંતોષકારક જવાબ આપી શકયા નથી.

પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ કચેરી ગોધરાના કર્મચારી ખાનગી વાહન સ્વીફટ ડીઝાસ્ટર નંબર જીજે.૧૮.બીએફ.૩૨૩૩ માં ગેરકાયદેસર રીતે લાંચ થી મેળવેલ લાંચના નાણાં લઈને ગોધરા થી ગાંધીનગર તરફ જનાર છે. તેવી બાતમી અમદાવાદ એસીબી કંટ્રોલ રૂમ વડોદરા એકમને કરાઈ હતી. વડોદરા એકમ દ્વારા પંચમહાલ એસીબીને વોચ ગોઠવીને કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. જેને આધારે પંચમહાલ એસીબી દ્વારા પંચો સાથે રાખીને અમદાવાદ-ગાંધીનગર જવાના રોડ ઉપર વોચ ગોઠવી હતી. દરમ્યાન બાતમીવાળી કાર નંબર જીજે.૧૮.બીએફ.૩૨૩૩ને ગોધરા તરફથી આવતાં પીછો કર્યો હતો અને વાવડી ટોલ બુથ પાસે કારને રોકીને હતી અને ચાલકનું નામ પૂછતાં શૈલેષકુમાર અમૃતલાલ પટેલ જુનીયર કલાર્ક (ખાણ-ખનિજ ગોધરા) નોકરી કરતાં હોવાનું જણાવ્યું હતું. ત્યારે બાદ એસીબી દ્વારા કારની તપાસ કરતાં પરવાનાવાળી રીવોલ્વર મળી આવી હતી. જ્યારે કારની ડીકીમાંથી કાળી બેગમાંથી જુદા જુદા ચલણી નોટોના બંડલ રૂા.૫,૧૪,૧૦૦/-રૂપીયા મળી આવ્યા હતા. ખાણ-ખનિજના કર્મચારી શૈલેષભાઈ પટેલને કારમાંથી મળેલ નાણાંની પૂછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ આપેલ નહિ તેમજ પોતાની પાસેના નાણાં બિનહિસાબી ભ્રષ્ટાચાર થી મેળવેલ હોવાની સંભાવના છે. એસીબી દ્વારા ખાણ-ખનિજ વિભાગના કર્મચારી પાસેથી મળેલ ૫,૧૪,૧૦૦/-રૂપીયા તથા રીવોલ્વર પંચ રૂબરૂ કબ્જે લીધી હતી. આ બાબતે જાણવાજોગ નોંધ કરીને કર્મચારી વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### ACB દ્વારા ઝડપી પાડેલ કર્મચારી નાણાં કયાંથી આવ્યા તેની વિગતો આપવામાં નિષ્ફળ

પંચમહાલ એસીબી દ્વારા બિનહિસાબી નાણાં સાથે પકડાયેલ ખાણ-ખનિજ કચેરીના કર્મચારી એ તેના અથવા અન્યના નામે બેનામી મિલ્કત વસાવેલ હોયનો સચોટ માહિતી પુરી પાડવા જણાવાયું છે.

## શહેરા ખેતીવાડી શાળાની ખુરશીઓ કર્મચારી વગર ખાલી : કિસાન યોજનામાં સુધારો કરવા આવેલ ખેડુતોને ધકકો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા ખેતીવાડી શાખામાં શુક્રવાર ના રોજ સ્ટાફ વગર ખુરશીઓ ખાલીખમ જોવા મળી હતી. જેના કારણે પ્રધાન મંત્રી કિસાન યોજનામાં સુધારો કરવા આવેલા ખેડૂતો મુશ્કેલી મા મુકાઈ ગયા હતા.ખેતીવાડી શાખાના પ્રવેશદ્વારે જ સુધારા વધારા માટે શુક્રવારના રોજ આવવાનું કાગળ ચીપકાવેલું છે તેમ છતાં પણ કર્મીઓ ગેરહાજર જોવા મળવા સાથે ખુરશીઓ ખાલી જોવા મળી હતી.જેના કારણે પ્રધાન મંત્રી કિસાન યોજનામાં સુધારો કરવા આવેલા ખેડૂતો ને ફેરો માથે પડ્યો હતો.

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે ખેતીવાડી શાખા આવેલી છે. અહી તાલુકા માથી અનેક ખેડૂતો કામ અર્થે આવતા હોય છે.જ્યારે શુક્રવારના રોજ પ્રધાન મંત્રી કિસાન સન્માન યોજનામાં સુધારો કરવા અનેક ખેડૂતો અહી આવ્યા હતા.જ્યાં ખેતીવાડી શાખામાં ખેતીવાડીના કર્મીઓ હાજર જોવા નહી મળતા કામ અર્થે આવેલા ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વળી ખેતીવાડી શાખાના પ્રવેશદ્વારે જ સુધારા વધારા માટે શુક્રવારના રોજ આવવાનું કાગળ ચીપકાવેલું છે તેમ છતાં પણ કર્મીઓ ગેરહાજર જોવા મળવા સાથે ખુરશીઓ ખાલી જોવા મળી હતી.જેના કારણે પ્રધાન મંત્રી કિસાન યોજના મા સુધારો કરવા આવેલા ખેડૂતો ને ફેરો માથે પડ્યો હતો. વાઘજીપૂર થી આવેલા એક ખેડૂતે પોતાની આપવીતી સંભળાવતા જણાવેલું કે બે દિવસથી આવું છું મારા રૂપિયા અને સમયનો વ્યય થાય છે પણ કામ થતું નથી જેનો રોષ સ્પષ્ટપણે તેમના ચહેરા પર અંકિત થયેલો જોવાતો હતો.હવે જોવું રહ્યું કે શું જિલ્લા વિકાસ અધિકારી અને ખેતીવાડી અધિકારી દ્વારા તપાસ કરાશે કે ક્યા કારણોસર ખેતીવાડી શાખામાં કર્મચારીઓ ગેરહાજર જોવા મળ્યા હતા ? ખેતી વાડી શાખા મા સ્ટાફ હાજર ના હોવાથી અહી કામ અર્થે આવેલા ખેડૂતો ને પરત જવાની નોબત આવતા તંત્ર સામે નારાજગી જોવા મળી રહી હતી.

## મોરવા હડફના મોરા BOBમાં નાણાં ઉપાડવા ખેડુતોની લાંબી કતારો : સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા



મોરવા(હ),

મોરવા હડફ તાલુકામાં કિશાન સન્માન નિધિ યોજના અંતર્ગત સાતમાં હપ્તાની રકમ ખેડુત ખાતેદારની ખાતામાં જમા થતાં નાણાં ઉપાડવા બેન્કોમાં લાઈનો જોવા મળે છે. ખેડુતો પોતાની પાસ બુક લઈને મોરા ખાતે આવેલ બેન્ક ઓફ બરોડા ની શાખાએ સવારના નવ (૯) વાગ્યા ના સમય માં લાબી કતારો જોવા મળી હતી. સરકારની ગાઈડ લાઈન મુજબ કોઈ પણ પ્રકારનું નિયમનું પાલન કરવામાં આવ્યું ન હતું અને તંત્ર દ્વારા સોશિયાલ ડિસ્ટન્સ કે માસ્ક પહેરવા અંગે કોઈ પણ જાતનું કડક વલણ કરવામાં આવતું નથી.

## શહેરામાં ત્રણ સ્થળોએ આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વેકસીન અંગે રી-ડ્રાય રન યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

પંચમહાલ જિલ્લામાં આજરોજ ૨૬ જેટલા સ્થળોએ કોરોના વેકસીન સંદર્ભે રી-ડ્રાય રનનું અયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે શહેરા તાલુકામાં પણ આરોગ્ય વિભાગ દ્વારા ત્રણ સ્થળોએ રી-ડ્રાય રનનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત શહેરા સામુહિક આરોગ્ય કેન્દ્ર, નાંદરવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ધારાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આમ ત્રણ સ્થળોએ રી-ડ્રાય રન યોજીને આરોગ્ય કર્મચારીઓને રસીકરણ શરૂ થતાં પહેલાં તેને લગતી સમગ્ર પ્રક્રિયાથી સંપૂર્ણપણે સમજ અપાઈ હતી, અને કોરોના રસીકરણ સમયે કયા પ્રકારની કામગીરી કરવી તે માટે મોકડ્રીલ કરવામાં આવ્યું હતું, શહેરા તાલુકામાં અલગ-અલગ સ્થળોએ યોજાયેલ રી-ડ્રાય રનમાં તાલુકા આરોગ્ય અધિકારી ડો.ભરત ગઢવી, ડો. રાકેશ ખાંટ,ડો. દિપક ભરવાડ અને ડો.અશ્વિન રાઠોડ સહિત તેઓની ટીમે ડ્રાય રનનું સુવ્યવસ્થિત આયોજન કર્યું હતું.રી ડ્રાય રન સમયે જિલ્લા કક્ષાએથી આરોગ્ય વિભાગના લાયઝન કર્મચારી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષિત ચુવાનોને રોજગારી મળે તે માટે પંચમહાલ કોંગ્રેસ યુથ દ્વારા મામલતદારને આવેદન



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી શિક્ષિત તેમજ ટેટ ટાટ પાસ થયેલ ડિગ્રીધારી યુવાઓ સાથે અન્યાય થઇ રહ્યો છે છેલ્લા દસ વર્ષોથી વ્યાયામ, કલા અને સંગીત ના શિક્ષકો ની ભરતી કરવામાં આવતી નથી. હજારો રૂપિયા ખર્ચ કરી ને ડિગ્રી મેળવનાર યુવાઓ ને આજે લાયકાત હોવા છતાં મજૂરી,તેમજ પાણી પૂરી ની દુકાનો કાઢવી પડતી હોય છતાં પણ ગુજરાત સરકાર ના પેટ નું પાણી પણ હાલતું નથી. દિન પ્રતિદિન શિક્ષિત બેરોજગારો ની હાલત કફોડી બની રહી છે, આવનાર સમયમાં જો ગુજરાત સરકાર શિક્ષિત બેરોજગારો ની તેમજ વ્યાયામ,બીએડ,પીટીસી શિક્ષકો ની કાયમી ભરતી નહિ કરે તો આખા ગુજરાત રાજ્ય માં ગાંધી માર્ગે આંદોલનો કરવામાં આવશે એમ જિલ્લા પ્રમુખ મિકી જોસેફે કહ્યું હતું. ગોધરા શહેર પ્રમુખ સિદ્દીક ડેની,પ્રદેશ કોંગ્રેસ મંત્રી દક્ષેશ પટેલ,આબીદ શેખ, પંચમહાલ યુથ કોંગ્રેસ સંગઠન મહા મંત્રી ખાલિદ હાજી દાવ, ગોધરા શહેર કોંગ્રેસ મહામંત્રી ફરીદ ચરખા, મંત્રી સુલેમાન વિમાંવાલા, ઉમેશભાઈ, યુસુફ ભાઈ, પંચમહાલ મંત્રી ડોકટર હાશિમ પટેલ, આદિલભાઈ, સુજેલ ભાઈ, મેંદા ભાઈ તેમજ કોંગ્રેસ પક્ષના અન્ય કાર્યકર્તા હાજર રહ્યા હતા.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૮૫૪ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૧૧ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૮૫૪ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૧ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરા-૦૮, હાલોલ-૦૧, મોરવા(હ)-૦૨ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૧૩ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૭.
- મૃત્યુ આંક - ૧૩૭.

## ગોધરાના ગઢચુંદડી ગામે હાઈવે રોડ ઉપર બોલેરો પીકઅપમાંથી ૧૦ કિલો ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને SOGએ ઝડપ્યા



ગોધરા,

ગોધરા તાલુકાના ચુંદડી ગામે પીકઅપ સ્ટેન્ડ પાસે એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી વાહન ચેકીંગ દરમ્યાન બોલેરો ગાડીમાંથી ૧૦.૦૮૦ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ ઈસમો પાસેથી ૪,૬૦,૯૦૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે ગઢ ચુંદડી ગામે પીકઅપ સ્ટેન્ડ પાસે વાહન ચેકીં હાથ ધરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૨૦.વી.૫૫૨૨ને ઉભી રાખી ચેકીંગ કરવામાં આવ્યું હતું. ચેકીંગ દરમ્યાન ગાંજાનો ૧૦.૦૮૦ કિ.ગ્રા. કિંમત ૧,૦૦,૮૦૦/-રૂપીયા રોકડા ૧૬૦૦ રૂપીયા પીકઅપ ગાડી મળી ૪,૬૦,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે પ્રદિપ ચેતનભાઈ મકવાણા રહે.ગુણાની મુવાડી દે.બારીઆ, કનુભાઈ શનાભાઈ વાઘેલા રહે.ચકલાસી, નડીઆદને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના ચંચેલાવ ગામે જીલ્લા કોંગ્રેસ સમિતિની આગામી ચુંટણીલક્ષી મીટીંગ યોજાઈ



ગોધરા,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા સાહેબના આદેશ પ્રમાણે ખેતી બચાઓ અભિયાન ખેડૂત જનજાગૃતિ અભિયાન અને તાલુકા પંચાયત જીલ્લા પંચાયતની આગામી ચૂંટણી સંદર્ભે પક્ષના ઉમેદવારોની વિગતો તૈયાર કરવા અને રણનીતિના ભાગરૂપે ગોધરા તાલુકા કોંગ્રેસ સમિતિની મીટીંગ પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટીના નેતૃત્વમાં ગોધરા તાલુકાના ચંચોપા મુકામે યોજાઇ હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપ-પ્રમુખ અને મધ્ય ગુજરાતના નિરીક્ષક ડોક્ટર જીતુભાઈ પટેલ,પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અજીતસિંહ ભાટી, ગોધરાના માજી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પટેલ, તાલુકા પ્રમુખ રણજિતસિંહ પટેલ, પંચમહાલ જીલ્લા મહામંત્રી સાજીદ વલી, ગુજરાત પ્રદેશ ઓબીસી મંત્રી ગણપતભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ મંત્રી યોગેશ શાહ, જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા હિમાંશુ પંડ્યા, કિરણભાઈ, ભરતભાઈ, સન્નીભાઇ શાહ, માનસીભાઈ પટેલ, વિરેન્દ્રસિંહ પટેલ વગેરે કોંગ્રેસના આગેવાનો હોદ્દેદારો કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ખેડૂતોના પ્રશ્ને જનસંપર્ક અભિયાન અને પ્રદેશ સમિતિના માર્ગદર્શનનો અમલ કરવા કાર્યવાહી કરવામાં આવેલ અને ખેડૂતોને થઇ રહેલા અન્યાય મુદ્દે ગ્રામ વિસ્તારમાં કોંગ્રેસ પક્ષ દ્વારા તૈયાર કરેલ પત્રિકાઓનું પણ ઠેરઠેર વિતરણ કરવામાં આવેલ હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 117